સંશોધન ગ્રંથમાળા–ગ્રંથાંક ૨૮
ભોળાભાઈ જેસંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

કાઠિયાવાડના મુમના

લેખક

શ્રી. ભગવાનલાલ લ. માંકડ, એમ. એ., બી. ટી.

રાજકોટ

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

સંશોધન ગ્રંથમાળા–ગ્રંથાંક ૨૮

ભોળાભાઈ જેસંગભાઇ અધ્યયન–સંશોધન વિદ્યાભવન

કાઠિયાવાડના મુમના

લેખક

શ્રી. ભગવાનલાલ લ. માંકડ, એમ. એ., બી. ટી.

રાજકોટ

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

બે બોલ.

કાઠિયાવાડની મુમના જ્ઞાતિનો સામાજિક દૃષ્ટિએ અભ્યાસ કરવા માટે મુમનાઓની વસ્તીવાળાં ગામો તથા શહેરોમાં ફરતાં તથા કેટલોક વખત તેઓના રીતરિવાજોનો પ્રાથમિક દૃષ્ટિએ અભ્યાસ કરવા તેઓની સાથે રહેતાં આ લેખમાં વર્ણવેલી હકીકતો ભેગી કરેલ છે. તેમાં મેં એવી જાતનો ક્રમ રાખેલ: ગામના પટેલિયા સાથે હું મળતોહળતો, તેઓને આ હકીકતો મેળવવાનો ઉદ્દેશ તેઓનાં કુતૂહલ દૂર કરવા હું સમજાવતો અને તેઓને જાણમાં-સંપૂર્ણ જાણમાં હોય એવી હકીકતો રીતરિવાજોના પ્રશ્નો પૂછી કઢાવીને નોંધી લેતો. આ હકીકતો નોંધી લીધા પછી જ્યાં કોઇ વિશેષ સ્ફોટની જરૂર હોય ત્યાં તે બાબતોનો ચર્ચા દ્વારા સ્ફોટ કરાવતો. પણ આ બધી હકીકતો સત્ય છે, સંપૂર્ણ છે એમ ન લેતાં બીજાં ગામોમાં ફરતાં, નક્કી કરેલા પ્રશ્નો જે બધે પહેલાં પૂછવામાં આવતા તે જ પ્રશ્નો પૂછતાં જે પ્રશ્નોના જવાબો વારંવાર મેં નોંધેલ છે તેને સત્ય હકીકત તરીકે સ્વીકારી અહીં ઉપયોગી માની, લીધેલ છે. એટલે આ હકીકતો અનેક ગામડાં શહેરો (જેમાં મુમનાઓની સારી વસ્તી હોય તેવાં)ના મુમનાના વૃદ્ધ અને અનુભવી પટેલિયાઓ પાસેથી મેળવી છે, તેમજ એકબીજા ગામના પટેલિયાઓની હકીકતો સાથે સરખાવી છે, એટલે એની વાસ્તવિકતા વિશે તો જરાય સંદેહને સ્થાન રહેવા દીધેલ નથી. સુન્નતશાદી, શાદી, મૃત્યુક્રિયા, દફનક્રિયા વગેરેમાં તો મેં પોતે જોયેલ બાબતો અહીં વર્ણવી છે.

આ લેખ તૈયાર કરવા માટે શ્રી ગુજરાત વિદ્યાસભા (ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગે) જે સગવડ તથા સહાય આપેલ છે તે બદલ આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનવાની તક લઉં છું.

ભગવાનલાલ લક્ષ્મીશંકર માંકડ

કાઠિયાવાડના મુમના

પ્રાસ્તાવિક

મુમના લોકો એ છે કે જેને ગુજરાતના અમદાવાદ તથા તેના આસપાસના ભાગમાં મોમીનના નામથી ઓળખવામાં આવે છે. તે મુમના કેમ કહેવાણા તે બાબત તપાસ કરતાં માલૂમ પડે છે કે તેઓ પોતાને "મહમ્મદ પેગંબરના" તરીકે ઓળખાવે છે. તેઓ પોતાના સર્વસ્વને પેગંબર સાહેબને સોંપી આપેલ છે અને તેના જ-મહમ્મદના જ થઈ રહ્યા છે એમ અને એવી રીતે પોતાને ઓળખાવે છે. વળી કેટલાક પોતાને મોમના તરીકે સંબોધાવે છે. મો અને મન જેનાં એક છે એવો મોમના શબ્દનો તેઓ અર્થ કરે છે. આવી રીતે મુમના શબ્દના કરાતા અર્થો. તથા ઘટામણીમાં મહમ્મદના તે મોમના એ અર્થ એવા બીજા જ્ઞાતિઓનાં નામો જોતાં સાર્થ લાગે છે. ક્રાઇસ્ટના તે ક્રિશ્ચિયન, ક્રાઇસ્ટના અનુયાયીઓ, તેના મતનું અવલંબન કરનારા તે ક્રિશ્ચિયન. એવી જ રીતે પેગંબર મહમ્મદના અનુયાયીઓ કે મતાવલંબીઓ તે મોહમ્મદ. બુદ્ધના અનુયાયીઓ પોતાને બૌદ્ધ કહેવરાવવા લાગ્યા. આ બધા શબ્દો જોતાં મોહમ્મદના આ અનુયાયીઓ પોતાને મોમના તરીકે ઓળખાવવા લાગે તો કંઈ નવાઈ જેવું નથી.

કાઠિયાવાડમાં મુમનાઓની વસ્તી મચ્છુકાંઠામાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. આ ભાગમાં જેટલી વસ્તી જોવામાં આવે છે તેટલી કાઠિયાવાડમાં બીજે સ્થળે માલૂમ પડતી નથી. વાંકાનેર રાજ્યમાં, મોરબી રાજ્યમાં મુમનાની વસ્તીનો એંશી ટકા ભાગ રહે છે. આ ઉપરાંત લખતર રાજ્યના તાબાનાં થાન અને તેની

આસપાસનાં ગામડાંઓમાં તથા વાંકાનેર રાજ્યના ગામડાંઓને લગતા રાજકોટ રાજ્યના સીમાડાનાં ગામડાંમાં થોડા પ્રમાણમાં મુમનાઓની વસ્તી માલૂમ પડે છે. વસ્તીગણત્રી પ્રમાણે મુમનાઓની એકંદર વસ્તી લગભગ સાતેક હજાર જેટલી છે. આ લોકો સિંધમાંથી કચ્છમાં અને કચ્છમાંથી કાઠિયાવાડમાં આવીને વસ્યા છે. અહીંથી તેઓ ગુજરાત ભણી ગયા છે અને અમદાવાદના આસપાસના ભાગમાં વસવાટ કરી રહ્યા છે. ગુજરાતમાં જઈને તેઓ પોતાને મોમીન કહેવરાવે છે. આ ઉપરાંત સુરત જિલ્લામાં તેઓ જઈ વસ્યા છે અને તેઓ હવે ગુજરાતી બની ગયા છે.[1]

મુસલમાન લોકોએ હિંદ ઉપર સવારી કરી શરૂઆતમાં લૂંટફાટ કરી, પાછળથી રાજ્યસ્થાપના કરી વસવાટ કરવા લાગ્યા અને તેઓની દૃષ્ટિએ ધર્મકાર્ય–મુસલમાન ધર્મ ફેલાવવાનું–હિંદુઓને જુલમ વગેરેથી મુસલમાન બનાવવાનું શરૂ કર્યું. બીકથી, દમદાટીથી, પજવણીથી, ક્રૂરતાથી, તથા લાલચથી એમ અનેક રીતે ધીમે ધીમે સંખ્યાબંધ હિંદુઓ અને પછી તો આખી જ્ઞાતિઓએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો. કેટલીક જ્ઞાતિઓ ઉપર એ ધર્મ પરાણે ઠોકી બેસાડવામાં આવ્યો. હવે આમાંથી જે બ્રાહ્મણો વટલ્યા તેઓ વહોરા થયા, લુહાણા વટલ્યા તેઓ ખોજા કહેવાણા, કણબી વટલ્યા તેઓ મુમના કહેવાણા, રજપૂતો વટલ્યા તેઓ પોતાને મોલેસલામ કહેવરાવવા લાગ્યા. આ બધાએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો પણ પોતાની મૂળ જ્ઞાતિઓ એટલે કે પોતે જે જ્ઞાતિમાંથી વટલ્યા તે જ્ઞાતિઓ તરફ કેટલોક સમય સ્નેહભાવથી જોતા રહ્યા. આજે પણ આ બાબતની કેટલીય ખાત્રી થાય એવા પુરાવા મળી શકે છે. દા. ત. સિદ્ધપુરના વહોરા લોકો બ્રાહ્મણવાડાની પાસે જ રહે છે અને કેટલાક બ્રાહ્મણોની શાખ ચાલુ રાખી છે. તેઓના શોખની ચીજો

---

૧. જુઓ, બોમ્બે ગેઝેટિયર વૉ. ૮, પૃ. ૧૬૩.

ખાવાપીવામાં, રીતરિવાજમાં ચાલુ રાખી છે. જમણમાં બ્રાહ્મણોની પેઠે ચૂરમા લાડુ ઉપર તેઓની પસંદગી ચાલુ રહી છે. સાંજ પડ્યે બ્રાહ્મણો પેઠે પોતાનાં ઘરો આગળ ચોરામાં બેઠક જમાવે છે તથા જ્ઞાતિ, કુટુંબોને લગતી બાબતો પર વાતચીત કરે છે. આ સિવાય કેટલીય બાબતોમાં તેઓ બ્રાહ્મણમાંથી વહોરા બન્યા છે એ સ્પષ્ટપણે જોઈ શકાય એવું છે. ખોજા જ્ઞાતિઓએ તો નામ પણ લુહાણાનાં જ રાખ્યાં છે. દા. ત. હીરજી, મીઠાભાઈ, નથુભાઈ, વીરજી વગેરે. તેમજ તેઓએ પહેરવેશ પણ લુહાણાશાહી રાખ્યો છે. ધોતિયાં, ફેંટા વગેરે. જો કે હવે તેઓ મુસલમાનો જેવાં નામઠામમાં તથા વેશ વગેરેમાં દેખાવા પ્રયત્ન કરે છે અને દેખાવા કે લેખાવા માગે છે. મુમનાતી જ્ઞાતિમાં તેઓ અનેક રીતે પહેરવેશમાં, શાખમાં તથા સ્ત્રીઓનાં નામઠામમાં, ઘરેણાંગાંઠાંમાં કણબીઓને મળતા આવે છે. આ બાબતો આજથી પચ્ચીશ વર્ષ પહેલાં જેટલી સ્પષ્ટ દેખાતી હતી તેટલી આજ દેખાતી નથી, તેનું કારણ દીવા જેવું સ્પષ્ટ છે. અસ્મિતાના અથવા વ્યક્તિવાદના પવનને લઈને આ વટલી ગયેલ અને હિંદુઓના વાડામાંથી છટકી ગયેલ જ્ઞાતિઓ આજ હિંદુઓથી જુદી છે એમ બતાવવામાં પોતાની મોટાઈ કે શ્રેષ્ઠતા માને મનાવે છે. આ કારણને લઈને આ જ્ઞાતિઓમાં જેમ તેમજ મુમનાઓમાં મુસલમાની વલણના ફેરફારો આવતા ચોખ્ખા દેખાય છે.

છતાં મઝા એ છે કે આજે પણ મુમનાઓને આપણે પૂછીએ છીએ કે તમે મૂળ કોણ? મૂળથી જ મુસલમાન કે વટલેલા હિંદુ! તો તેઓ નિખાલસપણે કહે છે–કબૂલ કરે છે કે અમે મૂળ કણબી હતા અને એમાંથી વટલી મુમના થયા છીએ.[૧]

---

૧. વાંકાનેર મોરબીના ગામડાંમાં ફરતાં બધા મુમનાઓ આ વાતની સાક્ષી પૂરે છે.

મુમનાઓમાં આજ પણ આ એક પ્રચલિત વાત છે જેમાં તેઓએ મુસલમાન ધર્મ કેમ સ્વીકાર્યો તે વિશે સ્ફોટ કરવામાં આવેલ છે. એમ કહેવાય છે કે આજથી કેટલાક સૈકાઓ પહેલાં–લગભગ પંદરસો સોળસોની સાલમાં કણબીઓનો એક સંઘ યાત્રાએ જતો હતો. ચાલતાં ચાલતાં, બપોરનો ધૂમ તડકો પડતો હતો એવે સમયે એક કબીરવડ જેવડો વિશાળ વડલો આવ્યો, અને તે સંઘે બપોરનો વખત ત્યાં પડાવ નાંખવાનો અને રોટલા–પાણી પકવવાનો, રસોઈ–પાણી કરવાનો વિચાર કર્યો. સાથે સરસામાનનાં ગાડાં હતાં તેને છોડી તેમાંથી સીધાં સામાન છોડવા–કાઢવા તેમાંના કેટલાક મંડી પડયા અને કેટલાક જરા આરામ લેવા લાંબો વાંસો કરવા તૈયારીની કરવા લાગ્યા. એટલામાં કેટલાક પટેલિયાઓની નજર એ જ વડની છાયામાં અડંગો લગાવી બેઠેલ એક સાંઈબાવા ઉપર પડી. એટલે ધાર્મિક વૃત્તિ જેમાં વિશેષ હતી તેવા કેટલાક નેતાઓને લાગ્યું કે તે સાંઈબાવા ત્યાંથી પોતાનો મુકામ ઉઠાવી લે તો સારું. અને તો જ તેઓએ કરવા ધારેલ બપોરા કરવામાં તેઓને મઝા પડે. જે વડની છાયામાં સાંઈબાવા બેઠા હોય તે જ વડની છાયામાં રસોઈ–પાણી કરવામાં આપણને પાપ લાગે અને ધાર્મિક બાધ આવે. આ ઉપરથી આ બાબતમાં બેચાર આગેવાનોના મત લેવાણા. પછી સંઘમાં ડાહ્યા ગણાતા અને આગળ પડતા ભાઈઓને સાંઈબાવાને પોતાનો મુકામ ત્યાંથી ઉઠાવી લે એવી વિનંતિ કરવા મોકલવાનું નક્કી થયું. એટલે બે ચાર ડાહ્યા ભાઈઓ સાંઈબાવા પાસે વિનંતિનું વેણ નાંખવા ગયા. સાંઈબાવા તો આ બધું શાંતિથી અને ચૂપકીથી જોતા બેઠા હતા. તેની પાસે પેલા પટેલિયાઓએ જઈ હાથ જોડી પોતાનો મુકામ ત્યાંથી ઉઠાવી લેવા વિનંતિ કરી કે જેથી તેઓ કે જેઓ ચુસ્ત હિંદુ હતા તેઓને રસોઈ વગેરે કરવાનું ઠીક થાય. વાતચીતમાં તમે કોણ છો, કયાં જાઓ છો, કયાંથી આવો છો વગેરે સવાલો સાંઈબાવાએ યાત્રાળુઓના આગેવાનોને પૂછયા. એમની

વાતચીત ઉપરથી તેઓનું ભોળપણ, નિર્દોષતા તથા અશક્તિનો સાંઈબાવાએ ક્યાસ કાઢી લીધો, અને પછી ડાવકાઈથી તેઓને કહ્યું કે હું અહીંથી મારો મુકામ ઉઠાવવાનો નથી, તમે બીજે સ્થળે જાઓ. પણ તમે જો યાત્રાએ જાઓ છો તો તમે તમારો પૈસો નકામો વેડફી નાખો છો યાત્રાએ શા માટે જવું જોઈએ? યાત્રામાં કાંઈ નથી. અરે! યાત્રાનાં સ્થળોમાં તો પાપ જ થઈ રહ્યું છે. તમે તદ્દન ભોળા છો. યાત્રામાં જે જે તમારાં દેવસ્થાનોનાં દર્શન કરવા તમે માગો છો તે બધાં હું મારી સાથે જ લઈને ફરું છુ તમે ધારો એ સ્થળો તથા તમારાં દેવસ્થાનો અહીં બેઠાં બતાવું. એ ઉપરથી કહેવાય છે કે એ સાંઈબાવાએ તે શ્રદ્ધાળુ કણબી યાત્રાળુઓને શ્રી કાશીવિશ્વનાથનાં દર્શન કરાવ્યાં. ગોકુળ-મથુરામાંનાં અગત્યનાં જે તેઓએ જોવા માગ્યાં તે તે તીર્થધામો તેમણે બતાવ્યાં. આ ઉપરાંત પુરી, હરદ્વાર, તથા દક્ષિણનાં તીર્થધામો તેઓને બતાવ્યાં, આ લોકો તો ચકિત થઈ ગયા. સાંઈબાવાએ કહ્યું કે "તમારા હિંદુઓનાં તીર્થધામોને તથા દેવદેવીઓને તો હું ચપટીમાં લઈને ફરું છું." આ યાત્રાળુઓ તો સાંઈબાવાના ચરણમાં પડી ગયા અને તેને નમસ્કાર કરી ઊભા રહ્યા. સાંઈબાવાએ પોતાનો ધાર્યો પાસો પડ્યો છે એ જોઈને લોકોને પોતાના ધર્મનો બોધ કર્યો અને તેઓને મુક્તિનો માર્ગ દેખાડ્યો અને મુસલમાન બનાવ્યા ×

સૈકાઓ થયા તેઓ મુસલમાન બન્યા છે છતાં તેઓ હૃદયમાં હિંદુ જ રહ્યા છે. તેઓ પહેરવેશે, રીતભાતે, બોલીચાલીએ, કણબીઓથી બહુ જુદા પડતા નથી. સમયના વહેવા સાથે મુસલમાન આલમે તેઓને પોતાના તરફ આકર્ષવા માંડ્યા, અને તે આકર્ષણે

× મુમનાના મુસલમાન ધર્મ સ્વીકારવાની આ વાત તીથવાના મુમનાની નાતના પટેલ પાસેથી પહેલાં સાંભળેલી હતી અને વાત જે સિધાવદર વાંકાનેરની મુમનાની નાતના પટેલોના મોંએથી સાંભળવાથી અનુમોદન મળેલ છે.

તેઓ મુસલમાન લોકો તરફ પહેરવે, રીતભાતે વગેરે રીતે વળવા મંડયા છે. એટલે વસ્તુસ્થિતિ એવી થઈ છે કે જેમ કોઈ માણસ ઘરનાં અને ઘર બહારનાં આકર્ષણોએ પ્રબળ આકર્ષણોથી ખેંચાતાં ત્રિશંકુવત્ દશામાં આવી પડે છે તેવી ત્રિશંકુવત્ દશામાં આ લોકો આવી પડયા છે. તેઓ નથી સર્વાંશે હિંદુ કે નથી સર્વાંશે મુસલમાન, પણ મુસલમાનના તથા હિંદુઓ વચ્ચે લટકતા બન્નેના ગુણદોષો, રીતરિવાજ, પહેરવેશ, ખાનપાન વગેરે તેઓમાં આવતાં જણાય છે; એટલે બન્નેની છાપો તેઓમાં જોવામાં આવે છે.

વેવિશાળ

મુમનાઓમાં સગાઈ કે સગપણનું ધોરણ સામાન્ય રીતે હિંદુ સમાજમાં, જોવામાં આવે છે તેવું છે. કણબી કોળી વગેરે હિંદુ કોમોમાં જેમ બને છે તેમ બાળકો નાનાં હોય છે ત્યાં જ તેઓનાં સગપણ–વેવિશાળ કરી દેવામાં આવે છે. નાનાં નાનાં છોકરાંઓને વરાવવાની વાત માબાપો ચલાવે છે. મિત્રમિત્રમાં, સંબંધી સંબંધીઓમાં બાળકો હજી માના પેટમાં હોય છે તોપણ કેટલીક વાર આગન્તુક દીકરા દીકરીઓનાં માબાપો અંદર અંદર એક બીજા સાથે નક્કી કરી લે કે 'મારે દીકરો આવે અને તારે દીકરી આવે તો આપણે એક બીજા વેવાઈ થયા. પછી જેને દીકરો આવે તેણે સામેની બાઈની દીકરી સાથે વરાવવાનું નક્કી કરી લે છે અને એમ થતાં જ્યારે તે પુત્રપુત્રીઓ એક બીજાંને આવે તો તેઓનું વાગ્દાન થયેલું કાયમ રહે છે, અને એવા સંખ્યાબંધ દાખલાઓમાં વિવાહથી કે નિકાહથી જોડાયેલાં વરવહુની સગાઈઓ તેઓના જન્મ પહેલાં થઈ ગયેલી હોય છે. લેઉઆ કણબીઓમાં એવી રીત છે કે તેઓ પોતાનાં બાળકોને સિંહસ્થ વર્ષમાં જ પરણાવે છે. આ સિંહસ્થ વર્ષ બારબાર વર્ષે આવે છે. જેઓ પોતાનાં બાળકોને આ સિંહસ્થ વર્ષમાં પરણાવતાં ચૂકે તેણે બાર વર્ષ સુધી તે વર્ષ માટે ખમવું જોઈએ. એટલા માટે બાળક–વરાવેલાં

બાળકનું વય ચાર, છ કે આઠ વર્ષનું હોય તોયે સિંહસ્થ વર્ષ આવે એટલે પરણાવી લે છે અને આમ આ વર્ષમાં આ કણબીઓ પોતાનાં બાળકોને પરણાવાની દોડાદોડી કરે છે અને એક સાથે બધાં જેટલાં વરેલાં હોય તો તેને અને ન વરેલ હોય તેને વરાવી–પરણાવી દે છે. આવી જ રીતે મુમનાઓમાં છે. તેઓએ આ લેઉઆ કણબીની રીત જાળવી રાખી છે અને તે પ્રમાણે હજુ સુધી પોતાના બાળકોને સિંહસ્થ વર્ષમાં જ પરણાવે છે. કેટલીક વાર તો નાનાં બાળકો કે જે હજી ચાલવા ન શીખ્યાં હોય તેવાં બાળકોને હિંદુ લેઉઆ કણબી જ્ઞાતિમાં માતાઓ તે બાળકોને તેડી ફેરા ફેરવી લે છે એવા ઘણા દાખલાઓ વિશે હજી પણ આપણે સાંભળીએ છીએ. આવી રીતે આ લોકો–મુમનાઓમાં કેટલીક હિંદુ જ્ઞાતિઓમાં જે બાળવિવાહ કરવાનો ચાલ હતો તેમ બાળવિવાહ કરવાનો ચાલ છે. જો કે બાળકોને પરણાવી તેઓને માવતર જ એટલે કે પરણેલી પુત્રીને માવતરમાં જ રાખવામાં આવે છે અને ઉમરલાયક થયે તેને આણું વળાવવામાં આવે છે.

રજપૂતોમાં જેમ રીત છે તેમ મુમનાઓમાં પણ, બીજી મુસલમાન જ્ઞાતિઓના રિવાજ છે તે મુજબ, ફઈ પાછળ ભત્રીજી જાય છે એટલે કે ફઈ જ પોતાના ભાઈ પાસેથી તેની દીકરી પોતાના દીકરા માટે લાગી લે છે એટલે એક રીતે છોકરાની સાસુ તેની સગી ફઈ થતી હોય છે. આમ મુમનાઓમાં ફઈ–મામાનાં છોકરાં વરે છે. ઘણીવાર એવું ય બને છે કે ફઈની એ સામાજિક ફરજ છે કે તેણે પોતાના ભાઇ પાસેથી કોઈપણ હિસાબે તેની પુત્રી માગી લેવી જોઈએ અને પોતાના દીકરાને પરણાવવી જોઈએ. જો આ બાબતમાં તે નિષ્ફળ નીવડે છે તો તેને તેનાં સગાંવહાલાં મહેણાં મારે છે કે તારામાં કાંઈ માલ નથી કે છતી ફઈએ ભત્રીજી બીજાના કુટુંબમાં ગઈ.

મુમનાવાસ

મુમનાઓમાં જે ઘણી બાબતમાં હિંદુ જ્ઞાતિઓમાં માલૂમ પડતા રિવાજો જોવામાં આવે છે તેવા રિવાજોમાં તેઓના વાસ બાબતનો રિવાજ પણ હિંદુઓના રિવાજને મળતો છે. ઘણાં વર્ષો થયાં અથવા સૈકાઓ થયાં શહેરોમાં તથા ગામડાંમાં જુદી જુદી જ્ઞાતિના લોકો એક આગળથી—આગળના લોકોએ પોતાની સગવડ પ્રમાણે જુદા જુદા ભાગમાં રહેઠાણ રાખેલ જોવામાં આવે છે; જેમકે બ્રાહ્મણો શહેરના કે ગામડાંના એક જ ભાગમાં રહેતા જોવામાં આવે છે. એ ભાગ સિવાય તમે બ્રાહ્મણોને શહેર કે ગામના કોઈ બીજા ભાગમાં જોવા, મળવા કે શોધવા જાઓ તો તેઓ મળે નહિ. આવી જ રીતે વાણિયા, લુહાણા, સુથાર, લુહાર, કણબી, આયર વગેરે લોકોથી માંડીને ઠેઠ હરિજન સુધી જોશો તો તેઓ એક જ લત્તામાં, એક જ પરામાં, એક જ સાથે હારોહાર ઘરમાં રહે છે. આજે પણ વોરાવાડ, મેમણવાડ, ખારવાવાડ, મિયાણાવાસ, હરિજન-વાસ, લુહાણાપરા, કણબીપરા, મોચીપરા, દરજીપરા, વગેરે લત્તાઓ આપણાં શહેરોમાં જોવામાં આવે છે. આનાં સામાજિક કારણો અનેક છે. એક તો જ્ઞાતિઓનાં સંગઠન આમ સાથોસાથ રહેવાથી દૃઢ થાય છે. સામાજિક બંધનો, રીતરિવાજો, સુખદુઃખના અવસરોએ એકબીજાની સહાનુભૂતિ તથા દિલાસો, મદદ તથા સેવા એકબીજાંને સહજે મળે છે. તેમજ કોઈ પરજ્ઞાતિના આક્રમણના સમયમાં પણ જો એકબીજાં જ્ઞાતિજનો સાથોસાથ રહેતાં હોય તો તેઓ એકબળ બને છે અને સામાવાળાને મુશ્કેલ પડી જાય છે. આવાં આવાં બીજાં અનેક કારણોને અંગે આ જ્ઞાતિઓ એક સાથે એક જ પરામાં કે લત્તામાં રહે છે, આમ મુમનાઓ પણ બહુમતીને અનુસરીને કે સમજીને એક જ ભાગમાં, શહેર કે ગામડાંના એક જ વિભાગમાં હારોહાર રહે છે અને એકબીજાંને ઉપયોગી થતાં એકબીજાં સાથે હળીમળીને રહે છે.

તેઓના ઘરમાં કોઈ બાંધણીમાં વિશેષતા જોવામાં આવતી નથી, કારણ કે સાધારણ રીતે જ્યાં ખેતી કરનારાં લોકોનાં ઘર હોય છે એવી જ બાંધણીનાં આ લોકોનાં ઘર છે. સાધારણ રીતે આ લોકોના ઘરમાં એક બે ઓરડા, એક ઓસરીએ હોય એવું કાંઈ નક્કી નથી–ઓસરી ખુલ્લી કે જાળીવાળી, હવાઉજાશ માટે હોય છે. તેઓનાં ઘર આપણને અંધારિયાં લાગે. માટીનાં કાચી ઈંટોનાં ઘર આ લોકો બાંધે છે. આ લોકોના ઘરમાં–ખેડ કરવાવાળાઓના ઘરમાં બળદ, ગાય વગેરે બાંધવા માટે કોડચ, ખડ કે નીરણ રાખવા માટે એક મેડો કે એક ઓરડો અને મોટું ફળિયું અને ડેલી કે સાધારણ ઝાંપો હોય છે. આવી જાતની સગવડતા તેઓના ઘરમાં હોય છે. વાણના ખાટલા ઓસરીમાં કે ફળિયામાં કે ડેલી પાથર્યા હોય જ્યાં આવનારને બેસાડવામાં આવે છે. આ ખાટલા ઉપર કોઈ વાર ગોદડાં પાથવામાં આવ્યાં હોય જ્યાં પુરુષ કે સ્ત્રીવર્ગની ખાસ બેઠક રાખવામાં આવી હોય છે. જે મુમનાઓ ખેડ નથી કરતા પણ વણાટનું કામ કરે છે તેઓ એક ઓરડામાં શાળ રાખે છે કે જ્યાં બેસીને તેઓ પોતાનું વણાટકામ કરે છે. આ લોકોના ઘરમાં ઢોરઢાંખર હોવાથી ખડ કે નીરણ માટે એક ઓરડો કે ઢોર બાંધવા માટે કોઢ જોવામાં આવતી નથી.

ઉત્તરક્રિયા

મુસલમાનો મૃત્યુ પામે ત્યારે તેને કબ્રસ્તાનમાં લઈ જઈ દફનાવવામાં આવે છે તેમ મુમનાઓ પણ મૃત્યુ પામે છે ત્યારે અન્ય મુસલમાનોની પેઠે તેમને કબ્રસ્તાનમાં પહોંચાડવામાં આવે છે. અમુક માણસનું મુમના જ્ઞાતિમાં મૃત્યુ થયું એમ જ્ઞાતિમાં ખબર પડતાં તેનાં સગાંવહાલાં તરફથી કબ્રસ્તાનમાં રહેનાર તથા તેની દેખરેખ રાખનારને ખબર પહોંચાડવામાં આવે છે તથા સાથોસાથ શબવાહિકા કે જેને જનાજો કહેવામાં આવે છે તે અમુકને ઘેર

મોકલાવવાનું કહેવરાવવામાં આવે છે. જનાજો એક જાતના કઠેડાવાળી ખાટ, જેમાં તેને ચારે ખૂણે લાકડાંના કટકાઓ લંબાવેલા હોય છે એટલે બાજૂની તરફથી તે ખાટને બે લાંબી વળીઓ ચોંટાડેલ હોય છે કે જેથી જનાજાના ઊંચકનારાઓ તે ઊંચકવો અને ખભે રાખવો અનુકૂળ પડે. હવે આ ખાટ જેવા ભાગમાં મૃત શરીર આમથી તેમ રડી ન જાય એટલા માટે અને તે બરોબર ગોઠવાઇ જાય એવી જાતની સગવડ રાખવામાં આવી હોય છે. લાકડાંનાં પાટિયાંઓ એમાં એવી રીતે જોડેલાં હોય છે કે મૃત શરીરને તેમાં બરોબર મેલી દેવાય અને તે ગોઠવાઈ જાય. ઇસાઈઓમાં આવી જાતની પેટી રાખવામાં આવે છે કે જેમાં તેઓ મૃત શરીરને મૂકી દે છે. એવી જાતની પેટીનો આ લોકો ઉપયોગ કરતા નથી. જેટલા વખતમાં જનાજો કબ્રસ્તાનમાંથી મરનારના ઘેર પહોંચે તેટલી વારમાં મરનારનાં સગાવહાલાંઓ મરનારના શરીરને જરા સાફ કરી, કપડાં લતાં પહેરાવી શણગારે છે, લોબાન વગેરે સળગાવે છે, ફૂલના હાર વગેરે હાજર હોય તો તેથી તથા અત્તર વગેરે ખુશબોદાર દ્રવ્યોથી તેને–તેનાં કપડાં લત્તાંને લગાવી દે છે. મુમનામાં મરનારને સાત સોડ લેવરાવે છે તેમાં એક પહેલી મરનારનાં નજીકમાં નજીક સગાંવહાલાં તરફથી ઓઢાડવામાં આવે છે. આ સોડ એક કીમતી કપડું હોય છે. મરનાર જો નાનું હોય તો તે કપડું રંગીન હોય છે. મરનાર જો વૃદ્ધ હોય તો તે રંગીન નથી હોતું પણ સફેદ હોય છે. સ્ત્રી નાની હોય તો કોર લહેરવાળું, જરીવાળું કપડું તેને ઓઢાડવામાં આવે છે, નહિતર સાધારણ કીમતનું કપડું ઓઢાડાય છે. પછી બીજાં સગાંવહાલાંઓ કાકી, મામા, મામી, ફોઈ વગેરે તરફથી સોડ ઓઢાડવામાં આવે છે. જનાજો આવે કે તેમાં તેને–મરનારને પધરાવવામાં આવે છે. રોકકળ કરવાની મુસલમાન રીત પ્રમાણે–ધર્મની આજ્ઞા પ્રમાણે મનાઈ હોય છે. ફક્ત મુલ્લાં કુરાનશરીફમાંથી આયાતો પઢે છે. મૃત શરીરને પધરાવ્યા પછી તેના

ઉપરની સોડ ઉપર ફૂલ, હાર વગેરે મળી શકે એમ હોય તો ચડાવવામાં આવે છે. પછી નજીકમાં નજીકનાં સગાં જનાજો ઘરમાંથી ઊંચકે છે અને ડેલી બહાર લઈ જતાં ઘરબહાર રસ્તા ઉપર થઈ કબ્રસ્તાન તરફ લઈ જાય છે. એક કુટુંબી લોબાનનો ધૂપ કરતો આગળ ચાલે છે. મુલ્લાં કુરાનેશરીફમાંથી વાંચતા જાય છે અથવા તો તેના સંબંધીઓ "લાઈલા ઇલઈલ્લા, મહંમદ રસૂલ ઇલ્લા" એમ બોલતા ચાલે છે. ખાંધ લેનારા બધા કપડે ખાંધ લે છે. કબ્રસ્તાનમાં પહોંચે છે ત્યાં તો આ જનાજા માટેની આગળ જ જગ્યા નક્કી થઈ ગઈ હોય છે અને કબર ખોદાઈ તૈયાર થઈ ગઈ હોય છે. જનાજાને ઉતારી, સોડો ઉતારી મૃત શરીરને મુલ્લાં કુરાનશરીફમાંથી પઢતા હોય ત્યાં કબ્રમાં આગળથી મણ એક મીઠું નાંખી દેવામાં આવ્યું હોય તેમાં તે મરનારનાં નજીકનાં સગાં પધરાવે છે. પછી મુલ્લાં આયાત પઢતાં ધૂળની એક ચપટી તે મરનારના ઉપર નાખે છે એટલે બીજાં સગાં-વહાલાં તેના ઉપર ધૂળ પાથરી તે કબરને ઢાંકી દે છે. મુલ્લાને દફનક્રિયા કરાવવા બદલ એક રૂપિયો આપવામાં આવે છે. દફનક્રિયા થઇ રહે એટલે ડાઘુઓ સહુસહુને ઘેર જાય છે. મરનારના મૃત્યુ દિવસને ચોથે દિવસે, તેરમે દિવસે તથા બાવીસમે દિવસે ગરીબ-ગુરબાંને (મુસલમાનોનાં) તથા ફકીર વગેરેને જમાડવામાં આવે. મીઠા ભાત કે મીઠી બીરંજ એ ખાસ બનાવવામાં આવે છે. તેમજ ધર્માદા સંસ્થાઓ કે જે મુમનાઓ તથા બીજા મુસલમાનોએ ઊભી કરી હોય તેમાં યથાશક્તિ મરનારનાં ભલાં માટે પૈસા આપે છે.

ધંધો

મુમનાઓનો મુખ્ય ધંધો ખેડનો છે. જે જમીન તેઓ ખેડે છે તે તેઓની માલિકીની હોતી નથી પણ દરબારી જમીન છે અને તેઓ દર વર્ષે જુદાં જુદાં રાજ્યોએ નક્કી કરેલી વિઘોટી રાજ્યને આપે છે. મુમનાઓની ખેતી આદર્શ ગણાય છે. તેઓ સ્વભાવે અત્યંત મહેનતુ, કાળજીવાળા અને ખંતીલા હોય છે. રાજ્યો